सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **Received on :** | ૨૭-૦૨-૨૦૨૬ | | |
| **Registered on :** | ૨૭-૦૨-૨૦૨૬ | | |
| **Decided on :** | ૧૦-૦૩-૨૦૨૬ | | |
| **Duration :** | **Year** | **Month** | **Days** |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક.____.

## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૬૧/૨૦૨૬

અરજદાર :- અલ્પેશકુમાર ભુપેન્દ્રભાઇ સોની
રહેવાસી. ૨૧/એ, શ્રીકૃપા સોસાયટી,
મોઢેરા રોડ, મહેસાણા, તા. મહેસાણા,
જી. મહેસાણા

વિરૂધ્ધ

સામાવાળા :- શ્રી. સરકાર
(દિયોદર પોલીસ સ્ટેશન)

બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ મુજબ મુદદામાલ પરત મેળવવા માટેની અરજી

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા
સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ

---

-: જજમેન્ટ :-

૧. આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ અન્વયે દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી કબજા ભોગવટા નું વાહન હોન્ડા કંપનીની એમેઝ ૧.૨MT ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર GJ-02-DA-1351 નો છે તથા તેનો ચેસીસ નંબર MAKDF55EEK4103095 તથા તેનો એન્જીન નંબર L12B47008285 છે તે ૨૦૧૯ ના મોડલ ની મુદ્દામાલ એમેઝ ગાડી વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. અરજદારની હાલની મુદ્દામાલ અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમ જ હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ રજુ કરેલ અભિપ્રાય તથા તેની સાથે રજુ કરેલ મુદ્દામાલ કબજે કરેલ તે બાબતનું પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લીધા. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા તેમ જ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ ની દલીલો સાંભળી.

૩. અરજદારના વિધ્વાન વકીલ શ્રી મકવાણાએ હાલની અરજી ની હકીકતો મુજબની દલીલો કરી વધુમાં જણાવેલ છે કે અરજદાર તે હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ એમેઝ ગાડીના માલીક અને કબજેદાર છે અને સદર મુદ્દામાલ એમેઝ ગાડી અરજદારની સ્વતંત્ર માલીકીની છે અને સદર મુદ્દામાલ એમેઝ ગાડી ગુનાના કામે કબજે કરેલ છે અને હાલમાં સદર મુદ્દામાલ એમેઝ ગાડી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને અરજદારની સદર મુદ્દામાલ એમેઝ ગાડી નો કોઇપણ ગુનામાં ઉપયોગ કરેલ નથી અને સદર મુદ્દામાલ મોટર સાયકલ નો ઉપયોગ અરજદાર તેમના ઘરકામ અને ધંધાના કામ માટે કરતા હોવાનું જણાવી સદર મુદ્દામાલ એમેઝ ગાડી વગર અરજદારને તેમના ઘરકામ અને ધંધાના કામમાં ખુબ જ ભારે હાલાકી ભોગવવી પડતી હોવાનું અને આ કામે પોલીસે કબજે કરેલ સદર મુદ્દામાલ એમેઝ ગાડી જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં

પડી રહે તો તેની મશીનરી બગડી જવાની તેમ જ તેના ટયુબટાયર, એન્જીન, બેટરી અને સ્પેરપાર્ટ ને પણ નુકસાન થવાની અને સદર મુદદામાલ વાહન ઉપયોગ કરવા લાયક રહે નહી તેનાથી અરજદારને ઘણું મોટું ધંધાકીય નુકસાન થાય તેમ હોવાનું જણાવી સદર મુદદામાલ એમેઝ ગાડી વિના અરજદારને પારાવાર નુકસાની પડતી હોઇ, સદર મુદદામાલ એમેઝ ગાડી હાલના અરજદારની માલીકીની હોઇ જો સદર મુદદામાલ એમેઝ ગાડી અરજદારને પરત સોંપવામાં આવે તો નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર હોવાની રજુઆત કરી હાલની, સદર મુદદામાલ એમેઝ ગાડી યોગ્ય જામીનગીરીએ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે.

૪. સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેનો આંક ૪ થી રજુ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં અરજદારે હાલની અરજીમાં જણાવેલ હોન્ડા કંપનીની એમેઝ ૧.૨MT ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-DA-1351** નો છે તથા તેનો ચેસીસ નંબર **MAKDF55EEK4103095** તથા તેનો એન્જીન નંબર **L12B47008285** છે તે મુદદામાલ એમેઝ ગાડી દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામના અરજદાર/આરોપી પાસેથી મુદદામાલ તરીકે તપાસ અર્થે કબજે લીધેલ છે અને સદર મુદદામાલ એમેઝ ગાડી નો ચોરી જેવા ગંભીર ગુનામાં ઉપયોગ કરેલ હોઇ, જો સદર મુદદામાલ એમેઝ ગાડી અરજદારને સોંપવામાં આવે તો તેઓ ફરીવાર બીજા કોઇ ગુનાઓમાં ઉપયોગ કરે કરાવે તેવી શકયતા નકારી શકાય નહી જેથી સદર મુદદામાલ એમેઝ ગાડી હાલના અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.એ અરજદારની હાલની અરજી લગત “સીન” નો શેરો કરેલ છે.

૫. ઉભયપક્ષની દલીલો સાંભળી. અરજદારની હાલની અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય, પંચનામું અને મુદદામાલ પાવતી વંચાણે લીધી. હાલના કામે કબજે કરેલ સદર મુદદામાલ વાહન હોન્ડા કંપનીની એમેઝ ૧.૨MT ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-DA-1351** નો છે તથા તેનો ચેસીસ નંબર

MAKDF55EEK4103095 તથા તેનો એન્જીન નંબર L12B47008285 છે તે ૨૦૧૯ ના મોડલ ની મુદદામાલ એમેઝ ગાડીની અરજદાર ધ્વારા રજુ કરેલ આર.સી. બુકની ઝેરોક્ષ નકલને ધ્યાને લેતાં સદર મુદદામાલ વાહન હાલના અરજદારના નામે આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન થયેલ હોવાનું જણાય છે અને તે રીતે આ કામના અરજદાર તે સદર મુદદામાલ વાહનના માલીક હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે તેમ જ આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેના આંક ૪ ના અભિપ્રાય ને પણ ધ્યાને લેવામાં આવે તો સદર મુદદામાલ મુદદામાલ ગાડી તે ગુનાના કામે આ કામના અરજદાર પાસેથી કબજે કરેલ હોવાની હકીકત તપાસ કરનાર અમલદાર શ્રીએ જણાવેલ છે અને અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી સદર મુદદામાલ એમેઝ ગાડી હાલના અરજદારની માલીકીની હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર શ્રી તરફે આ કામે કબજે કરેલ મુદદામાલનો વાસ્તવમાં ગુનાના કામે કોઇ ઉપયોગ થયેલ હોય તેવો પ્રથમ દર્શનીય પુરાવો દર્શાવતો કોઇ પુરાવો પોતાના અભિપ્રાય સાથે રજુ કરેલ નથી અને તે સંજોગોમાં હાલના તબકકે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ મુદદામાલ એમેઝ ગાડીનો સદર ગુનાના કામે કોઇ ઉપયોગ થયેલ હોવાની હકીકત પુરતા પુરાવાના અભાવે માની શકાય નહી કે અનુમાન કરી શકાય નહી.

૬. વધુમાં સદર મુદદામાલ એમઝ ગાડી નો અરજદાર તેમના ઘરકામ અને ધંધાના કામ માટે ઉપયોગ કરતા હોવાનું જણાવી સદર મુદદામાલ એમેઝ ગાડી વગર અરજદારને તેમના ઘરકામ અને ધંધાના કામકાજમાં ખુબ જ ભારે હાલાકી ભોગવવી પડતી હોવાની હકીકત અરજદારના વિધ્વાન વકીલશ્રીએ જણાવેલ છે. તેમ જ સદર મુદદામાલ વાહન જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો વાહનના સ્પેરપાર્ટસ અને મશીનરી બગડી જ્વાની તેમ જ તેની બોડી અને ટયુબટાયરને પણ નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે અને સદર મુદદામાલ વાહન કોઇપણ કારણ વગર પોલીસ સ્ટેશનની બહાર ખુલ્લામાં રાખી મુકવાનો કોઇ અર્થ રહેતો નથી. વધુમાં હાલના કામના અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિત તરફથી સદર મુદદામાલ વાહન પરત મેળવવા માટે કોઇએ અરજી કરેલ નથી કે સદર મુદદામાલ વાહન બાબતે અન્ય કોઇએ કલેઇમ પણ

કરેલ નથી. આ કામે રજુ થયેલ આર.સી. બુક ઉપરથી હાલના અરજદાર સદર મુદદામાલ વાહનના કાયદેસરના માલીક હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૭. આ કામે પોલીસે કબજે કરેલ મુદદામાલ મોટર સાયકલ હાલના અરજદારની માલીકીની હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થયેલ છે અને જો સદર મુદદામાલ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો તેની મશીનરી બગડી જવાની તેમ જ તેના ટયુબટાયર, એન્જીન, બેટરી તથા અન્ય સ્પેરપાર્ટસ ને પણ નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે. આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર સુપ્રીમ કોર્ટના <u>*સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ આોફ ગુજરાત*</u>, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. ૩૦૭ ના ચુકાદા ઉપર આધાર રાખે છે. જે કેસના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે જપ્ત કરાયેલ વાહન લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને રાખી મુકવાનો કોઇ અર્થ નથી અને આ કલમ અન્વયેની સત્તા બનતી ઝડપથી વાપરીને મિલકતના માલીકને જરુરી સમયે કોર્ટમાં હાજર રાખવાની શરતે મુદામાલ વાહનનો કબજો સોંપી આપવો જોઇએ અને તે સંજોગોમાં મેજીસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી રજુ કરવાની શરતે તરત જ યોગ્ય હુકમ કરવો જોઇએ. સદર કામે કબજે કરેલ મુદદામાલ વાહન આર.ટી.ઓ. કચેરીમાં હાલના અરજદાર ના નામે નોંધાયેલ હોવાની હકીકત રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી પ્રસ્થાપીત થયેલ છે અને સદર મુદદામાલ વાહન હાલમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને હાલના કામે અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિતએ સદર મુદદામાલ અંગે કલેઇમ કરેલ નથી. આમ, તમામ હકીકતો અને સંજોગોને તથા નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતા જો અરજદારને હાલના કામે યોગ્ય શરતોને આધિન કબજે કરેલ મુદદામાલ વાહન પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

આથી આ કામના અરજદાર અલ્પેશકુમાર ભુપેન્દ્રભાઇ સોની નાઓને દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી કબજા ભોગવટા નું વાહન હોન્ડા કંપનીની એમેઝ ૧.૨MT ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર **GJ-02-DA-1351** નો છે તથા તેનો ચેસીસ નંબર **MAKDF55EEK4103095** તથા તેનો એન્જીન નંબર **L12B47008285** છે તે ૨૦૧૯ ના મોડલ ની મુદદામાલ એમેઝ ગાડી નીચે જણાવેલ શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) અરજદારે મુદદામાલ એમેઝ ગાડી અંગે રૂપીયા ૭,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા સાત લાખ પુરા) ની રકમના જાતમુચરકા તેમ જ તેટલી જ રકમના એક સધ્ધર જામીન સહીતના બોન્ડ દિયોદર પોલીસ સ્ટેશન ખાતે આપવાના રહેશે.

(૨) અરજદારે મુદદામાલ એમેઝ ગાડી કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે મુદદામાલ એમેઝ ગાડી કેસનો આખરી નિકાલ થતાં સુધી અન્ય કોઇ વ્યક્તિને ટ્રાન્સફર, ગીરો, વેચાણ કે બક્ષીસ કરવું કરાવવું નહી.

(૪) અરજદારે મુદદામાલ એમેઝ ગાડી નો કોઇ ગુનાહીત પ્રવૃતીમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

(૫) અરજદારે મુદદામાલ એમેઝ ગાડી ની યથાવત સ્થિતિ કેસનો આખરી નિકાલ થતાં સુધી સ્વખર્ચે જાળવી રાખવાની રહેશે.

(૬) તપાસ કરનાર અમલદાર શ્રીએ અરજદારના ખર્ચે સદર મુદદામાલ એમેઝ ગાડીના બંને બાજુના ફોટોગ્રાફ રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે જોઇ શકાય તે રીતે પડાવી આ કેસમાં સામેલ રાખવા.

**સદર હુકમની સંબંધીત આર.ટી.ઓ કચેરીને તેમ જ દિયોદર પોલીસ સ્ટેશને યાદી કરવી.**

**આજ રોજ તારીખ. ૧૦ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ. ૧૦/૦૩/૨૦૨૬**

**( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દિયોદર, જી. બનાસકાંઠા**
**Judge Code : GJ00572**